**અગ્રતા ક્રમાંક: ૨૩**

**પ્રશ્ન ક્રમાંક::૧૫/૦૪/૧૪૨૪ માન. ધારાસભ્યશ્રી સી. કે. રાઉલજી (ગોધરા)**

**પુરક પ્રશ્નો**

૧. કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ સને ૨૦૨૩ માં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે અને કેટલો ખર્ચ થયેલ છે? (શ્રી સી. કે. રાઉલજી (ગોધરા))

૨. કુંવરબાઈ મામેરૂ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કરવામાં આવેલ બજેટ જોગવાઇ, લક્ષ્યાંક, ખર્ચ અને સિધ્ધિની વિગત શી છે? (શ્રી ફતેસિંહ ચૌહાણ (કાલોલ) )

3. કુંવરબાઇનું મામેરૂ યોજનાનો લાભ મેળવવા માટેની પાત્રતા શી છે? (શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર))

૪. કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ ચાલુ વર્ષ તેમજ આગામી વર્ષ માટે અંદાજપત્રમાં કેટલી જોગવાઈ થયેલ છે? (શ્રી પી. સી. બરંડા (ભિલોડા))

| **અન્ય પુરક પ્રશ્નો** | |
|---|---|
| 1 | કુંવરબાઇનું મામેરૂ યોજનાની શરૂઆત કયારથી થયેલ છે? અને કુંવરબાઇનું મામેરૂ યોજનાનો લાભ મેળવવા માટે કયા પુરાવા રજુ કરવાના હોય છે? |
| 2 | કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ, મળવાપાત્ર આર્થિક સહાયના દર અને જોગવાઇમાં કયારે અને શું સુધારો કરવામાં આવેલ છે? |
| 3 | કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ સહાય મેળવવા માટે લાભાર્થીએ ફોર્મ મેળવવા માટે પોર્ટલ બનાવવામાં આવેલ છે કે કેમ? અને આ યોજના હેઠળ મંજુરીની પ્રક્રિયા શું છે? |
| 4 | લાભાર્થીનાં માતાપિતા/ વાલીએ કયા એકરારનામાં કરવાના હોય છે? |
| 5 | લગ્નનું રજીસ્ટ્રેશન કયા થાય છે? |
| 6 | લાભાર્થીને સહાય કેવી રીતે ચૂકવવામાં આવે છે? |
| 7 | આદિજાતિ સમાજની કન્યા અન્ય સમાજમાં લગ્ન કરે તો આ લાભ મળવા પાત્ર છે કે, કેમ? |
| 8 | કુંવરબાઇ મામેરૂ યોજનામાં અરજીઓ નામંજુર થવાના સામાન્ય કારણો શું હોય છે? |

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી સી. કે. રાઉલજી (ગોધરા)

**પ્રશ્ન:-૧ કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ સને ૨૦૨૩ માં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે અને કેટલો ખર્ચ થયેલ છે?**

જવાબ: કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ સને ૨૦૨૩ માં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબની વિગતે કન્યાઓને લાભ આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૨૩ ( તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા૩૧/૧૨/૨૦૨૩ સુધી) | |
|---|---|---|---|
| | | **લાભાર્થીની સંખ્યા** | **સહાયની રકમ** |
| ૧ | ઘોઘંબા | ૨૯ | ૩ લાખ ૪૮ હજાર |
| ૨ | મોરવા હડફ | ૨૬ | ૩ લાખ ૧૨ હજાર |
| ૩ | ગોધરા | ૨૧ | ૨ લાખ ૫૨ હજાર |
| ૪ | હાલોલ | ૧૨ | ૧ લાખ ૪૪ હજાર |
| ૫ | કાલોલ | ૧૩ | ૧ લાખ ૫૬ હજાર |
| ૬ | શહેરા | ૧૫ | ૧ લાખ ૮૦ હજાર |
| ૭ | જાંબુઘોડા | ૮ | ૯૬ હજાર |
| **કુલ** | | **૧૨૪** | **૧૪ લાખ ૮૮ હજાર** |

**આમ સને ૨૦૨૩માં પંચમહાલ જિલ્લામાં કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ રુપિયા ૧૪ લાખ ૮૮ હજારનો ખર્ચ થયેલ છે.**

Back To Index

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી ફતેસિંહ ચૌહાણ (કાલોલ)

પ્રશ્ન: ૨ કુંવરબાઈ મામેરૂ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કરવામાં આવેલ બજેટ જોગવાઇ, લક્ષ્યાંક, ખર્ચ અને સિધ્ધિની વિગત શી છે?

જવાબ:

| નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ કુંવરબાઈ મામેરૂ યોજનાતા.૩૧/૦૧/૨૦૨૪ અંતિત ખર્ચ અને સિદ્દિની વિગત | | | | | |
|---|---|---|---|---|---|
| નં | જિલ્લાનું નામ | જોગવાઈ | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) | સિદ્દિ |
| ૧ | બનાસકાંઠા | ૨૫ લાખ | **૨૦૯** | ૯ લાખ ૯૬ હજાર | **૮૩** |
| ૨ | સાબરકાંઠા | ૫૫ લાખ ૨૦ હજાર | **૪૬૦** | ૧૪ લાખ ૬૪ હજાર | **૧૨૨** |
| ૩ | અરવલ્લી | ૩૪ લાખ ૫૨ હજાર | **૨૮૮** | ૧૯ લાખ ૫૬ હજાર | **૧૬૩** |
| ૪ | પંચમહાલ | ૨૪ લાખ | **૨૦૦** | ૧૦ લાખ ૫૬ હજાર | **૮૮** |
| ૫ | મહિસાગર | ૪૦ લાખ | **૩૩૩** | ૧૩ લાખ ૪૪ હજાર | **૧૧૨** |
| ૬ | દાહોદ | ૮૦ લાખ | **૬૬૭** | ૨૫ લાખ ૪૪ હજાર | **૨૧૨** |
| ૭ | વડોદરા | ૧૨ લાખ ૩૦ હજાર | **૧૦૩** | ૭ લાખ ૬૮ હજાર | **૬૪** |
| ૮ | છોટાઉદેપુર | ૫૩ લાખ | **૪૪૨** | ૨૧ લાખ ૩૬ હજાર | **૧૭૮** |
| ૯ | નર્મદા | ૯૬ લાખ ૧૦ હજાર | **૮૦૧** | ૪૪ લાખ ૧૬ હજાર | **૩૬૮** |
| ૧૦ | ભરૂચ | ૬૬ લાખ | **૫૫૦** | ૫ લાખ ૬૪ હજાર | **૪૭** |
| ૧૧ | તાપી | ૧ કરોડ ૧૦ લાખ | **૯૧૭** | ૭૧ લાખ ૪ હજાર | **૫૯૨** |
| ૧૨ | સુરત | ૧ કરોડ ૧૨ લાખ | **૯૩૩** | ૫૪ લાખ ૧૨ હજાર | **૪૫૧** |
| ૧૩ | નવસારી | ૧ કરોડ ૮૦ લાખ | **૧૫૦૦** | ૧ કરોડ ૧૭ લાખ ૩૬ હજાર | **૯૭૮** |
| ૧૪ | વલસાડ | ૨ કરોડ ૯૨ લાખ | **૨૪૩૩** | ૧ કરોડ ૮૨ લાખ ૮૮ હજાર | **૧૫૨૪** |
| ૧૫ | ડાંગ | ૫૫ લાખ | **૪૫૮** | ૨૦ લાખ ૮૮ હજાર | **૧૭૪** |
| ૧૬ | અમદાવાદ | ૩ લાખ | **૨૫** | ૧ લાખ ૬૮ હજાર | **૧૪** |
| ૧૭ | રાજકોટ | ૯ લાખ ૬૦ હજાર | **૮૦** | ૬ લાખ | **૫૦** |
| ૧૮ | ભૂજ | ૧ લાખ ૮૦ હજાર | **૪** | ૨૪ હજાર | **૨** |
| ૧૯ | ભાવનગર | ૪૮ હજાર | **૧૫** | ૩૬ હજાર | **૩** |
| **કુલ** | | **૧૨ કરોડ ૫૦ લાખ** | **૧૦,૪૧૮** | **૬ કરોડ ૨૭ લાખ** | **૫,૨૨૫** |

Back To Index

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી  મનુભાઈ પટેલ (ઉધના)

**પ્રશ્નઃ- ૩  કુંવરબાઇનું મામેરૂ યોજનાનો લાભ મેળવવા માટેની પાત્રતા શી છે?**

**જવાબઃ–** કુંવરબાઇનું મામેરૂ યોજનાનો લાભ મેળવવા માટેની પાત્રતા નીચે મુજબ છે:

(૧) કુંવરબાઈનું મામેરૂ યોજનાનો **લાભ મૂળ ગુજરાતના અનુસુચિત જનજાતિ**ના લાભાર્થીને જ મળશે.

(૨**) કુંટુબદીઠ વધુમાં વધુ બે પુખ્તવયની કન્યાઓના લગન પ્રસંગે** આ યોજનાનો લાભ મળાવાપાત્ર રહેશે.

(૩) જે અનુસુચિત જનજાતિના **કુંટુબ વાર્ષિક આવક રૂપિયા ૬ લાખ સુધી** ધરાવતા હોય તેને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. **(ઠરાવ તા.૦૨/૧૧/૨૦૨૨)**

(૪) આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા લાભાર્થીએ **લગ્ન કર્યાના બે વર્ષની અંદર જ અરજી કર્યેથી** લાભ મળવાપાત્ર રહેશે

Back To Index

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી પી. સી. બરંડા (ભિલોડા)

**પ્રશ્નઃ-૪ કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ ચાલુ વર્ષ તેમજ આગામી વર્ષ માટે અંદાજપત્રમાં કેટલી જોગવાઈ થયેલ છે?**

**જવાબ:**

- નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ કુલ રૂપિયા ૧૨ કરોડ ૫૦ લાખની જોગવાઈ થયેલ છે. જેમાં તા.૩૧/૦૧/૨૦૨૪ અંતિત **રૂપિયા ૬ કરોડ ૨૭ લાખનો ખર્ચ** થયેલ છે અને કુલ ૫૨૨૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

- નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ **રૂપિયા ૧૨ કરોડ ૫૦ લાખ**ની સૂચિત જોગવાઈ છે.

Back To Index

# અન્ય પુરક પ્રશ્નો

પ્રશ્ન:- કુંવરબાઇનું મામેરૂ યોજનાની શરૂઆત કયારથી થયેલ છે? અને કુંવરબાઇનું મામેરૂ યોજનાનો લાભ મેળવવા માટે કયા પુરાવા રજુ કરવાના હોય છે?

**(૧) કુંવરબાઈનું મામેરૂ યોજના દ્વારા મળતી સહાય કન્યા અને તેના કુંટુંબને લગ્ન પ્રસંગે આશિર્વાદરૂપ બની રહી છે. આ યોજના શરૂઆત વર્ષ ૧૯૯૫ થી થયેલ છે.**

**(૨) આ યોજનાનો લાભ મેળવા માટે રજૂ કરવાના થતા પુરાવા નીચે મુજબ છે.**

- કન્યા તથા તેના પિતા/વાલીના **આધાર કાર્ડ,**
- સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ **કન્યાની જાતિનો દાખલો,**
- સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ **યુવકની જાતિનો દાખલો(જો હોય તો),**
- **રહેઠાણનો પુરાવો** (વીજળી બિલ/ લાઈસન્સ/ ભાડાકરાર/ ચુંટણી કાર્ડ/ રેશનકાર્ડ પૈકી કોઈ પણ એક)
- કન્યાના પિતા/વાલીની **વાર્ષિક આવકનો દાખલો,**
- **લગ્ન નોંધણી પ્રમાણપત્ર,**
- **બેંક પાસબૂકની પ્રથમ પાનાની નકલ** / રદ કરેલ ચેક (કન્યાના નામ પાછળ પિતા/વાલીનું નામ હોય તે),
- જો પિતા હયાત ન હોય તો **મરણનો દાખલો,**
- લગ્ન કરનાર કન્યાના મા-બાપ/વાલીઓ આ યોજનાનો લાભ અગાઉ લીધેલ નથી તેવુ **એકરારનામું**.

Back To Index

**પ્રશ્નઃ-** **કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ, મળવાપાત્ર આર્થિક સહાયના દર અને જોગવાઇમાં કયારે અને શું સુધારો કરવામાં આવેલ છે?**

**જવાબઃ-**

- ❖ આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૭/૦૫/૨૦૨૧ના ઠરાવથી મંજુર કરવામાં આવતી **રૂપિયા દશ હજારની સહાયમાં** રૂપિયા બે હજારનો વધારો કરી એમ બાર હજાર કરવામાં આવેલ છે.
- ❖ આ યોજના હેઠળ મંજુર થયેલ રૂપિયા બાર હજારની સહાય ઈ-પેમેન્ટથી કન્યાના ખાતામાં જમા કરવામાં આવે છે.
- ❖ આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૯/૧૧/૨૦૧૪ના ઠરાવથી કુંવરબાઇના મામેરૂ યોજના હેઠળ હવે કુટુંબદીઠ બે કન્યાઓના લગ્ન પ્રસંગે નાણાંકીય સહાય આપવામાં આવે છે.

Back To Index

**પ્રશ્નઃ કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ સહાય મેળવવા માટે લાભાર્થીએ ફોર્મ મેળવવા માટે પોર્ટલ બનાવવામાં આવેલ છે કે કેમ? અને આ યોજના હેઠળ મંજુરીની પ્રક્રિયા શું છે?**

- વર્ષ ૨૦૨૩થી કમિશનર આદિજાતિ વિકાસની કચેરીના **ઈ-વનબંધુ પોર્ટલ પર ઓનલાઈન** ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

- કુંવરબાઈ મામેરૂ યોજનાનો લાભ લેવા ઈચ્છતાં લાભાર્થીએ **ઈ-વનબંધુ પોર્ટલ** પર ઓનલાઈન નોંધણી કરવાની રહે છે.

- સફળ નોંધણી પછી સિસ્ટમ દ્વારા સંબંધિત લાભાર્થીને પુષ્ટિકરણ ઈ-મેઈલ/એસ.એમ.એસ. મળે છે.

- લાભાર્થીએ પોતાના આઈ.ડી અને પાસવર્ડથી લોગ ઈન કરી કુંવરબાઈ મામેરૂ યોજનાનું ફોર્મ ઓનલાઈન ભરવાનું રહે છે.

- ફોર્મની પુરેપુરી વિગતો તથા જરૂરી આધાર પુરાવા અપલોડ કર્યા બાદ સિસ્ટમ દ્વારા સફળતાપૂર્વક અરજી કરેલ છે તેવો પુષ્ટિકરણ ઈ-મેઈલ/એસ.એમ.એસ લાભાર્થીને મળે છે.

- લાભાર્થીએ કરેલ અરજી સબંધિત જિલ્લાની કચેરીના કલાર્કના લોગીનમાં જાય છે. ત્યારબાદ કલાર્ક અરજદારશ્રીની અરજીની યોગ્ય ચકાસણી કરી મંજૂર કરવાપાત્ર અરજીઓ સબંધિત મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારીશ્રીના લોગ ઈનમાં મોકલી આપે છે.

- નામંજૂર કરવાપાત્ર અરજી પૂર્તતા માટે લાભાર્થીના લોગ ઈનમાં પરત મોકલી આપવામાં આવે છે, જેની જાણ લાભાર્થીને સિસ્ટમ દ્વારા ઈ–મેઈલ/એસ.એમ.એસ.થી કરવામાં આવે છે.
- મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારીશ્રી દ્વારા મંજૂર કરેલ લાભાર્થીના ફોર્મ અને યોજનાનો લાભ મેળવવા પાત્રતા ધરાવતા અરજદારોના કેસો ભલામણ સહ મંજુરી અર્થે સબંધિત કચેરીના મદદનીશ કમિશનરશ્રીના લોગ ઈનમાં મોકલી આપવામાં આવે છે.
- મદદનીશ કમિશનરશ્રી દ્વારા અરજદારોના કેસોની ચકાસણી કરી, મંજુર કરી,  બહાલ રાખવામાં આવે છે.
- અરજી મંજુર કર્યા બાદ લાભાર્થીઓના ખાતામાં ઈ–પેમેન્ટથી નાણા જમા કરવામાં આવે છે.

**Back To Index**

**પ્રશ્નઃ- લાભાર્થીનાં માતાપિતા/ વાલીએ કયા એકરારનામાં કરવાના હોય છે?**

**જવાબઃ-** પુત્રીના લગ્નની તારીખ અને કુંવરબાઈના મામેરા યોજનાનો અગાઉ લાભ લીધેલ નથી તેવું એકરારનામું.

- તેઓની પુત્રીઓની સંખ્યા અને અગાઉ પુત્રીઓના લગ્નમાં કુંવરબાઈના મામેરા યોજનાનો લાભ મેળવેલ હોઈ તો તેનું એકરારનામું .

Back To Index

**પ્રશ્નઃ- લગ્નનું રજીસ્ટ્રેશન કયા થાય છે?**

- લગ્નનુ રજિસ્ટ્રેશન ગ્રામ કક્ષાએ તલાટી કમ મંત્રી પાસે અને શહેરી વિસ્તારમાં નગરપાલિકા/મહાનગરપાલિકા કચેરીમાં કરવાનું હોય છે.

Back To Index

**પ્રશ્નઃ–     લાભાર્થીને સહાય કેવી રીતે ચૂકવવામાં આવે છે?**

**જવાબઃ–** લાભાર્થી કન્યાના નામે આ સહાય **સીધે–સીધા લાભાર્થી કન્યાના ખાતામાં ઈ–પેમેન્ટથી** જમા કરવામાં આવે છે.

Back To Index

**પ્રશ્નઃ-** **આદિજાતિ સમાજની કન્યા અન્ય સમાજમાં લગ્ન કરે તો આ લાભ મળવા પાત્ર છે કે, કેમ?**

**જવાબઃ-** આ યોજના હેઠળ અનુ.જનજાતિ કન્યાઓને તેના લગ્ન પ્રસંગે સહાય આપવાની જોગવાઈ છે. **જેથી અન્ય સમાજમાં લગ્ન કરે તો પણ લાભ મળવાપાત્ર છે.**

Back To Index

**પ્રશ્નઃ- કુંવરબાઇ મામેરૂ યોજનામાં અરજીઓ નામંજુર થવાના સામાન્ય કારણો શું હોય છે?**

જવાબઃ–

કુંવરબાઈ મામેરૂ યોજનામાં અરજીઓ નામંજુર થતી હોય તેના સામાન્ય કારણો

(૧) **આવક રૂ. ૬ લાખથી વધુ** હોય તો નામંજુર કરવામાં આવે છે

(૨) **લગ્નની તારીખથી ૨ વર્ષ સુધીમાં અરજી રજુ ન કરે તો** અરજી નામંજુર કરવામાં આવે છે.

(૩) એક માતાપિતાની **૨ દીકરીને લાભ આપવામાં આવેલ હોય તો** ત્રીજી દીકરીનાં કિસ્સામાં સહાયનું ફોર્મ ભરે તો નામંજુર કરવામાં આવે છે.

Back To Index